Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 1, Issue: 159, Nov, 2025
Paper ID: RRJ794892
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-159-november-2025/RRJ794892

# હિન્દુ બારિયા(કોળી) સમાજના લગ્નના રિત-રિવાજ

**Chaudhary Rinkalben .D.**

Research Scholar, Shri Govind Guru University.

**સારાંશ :**

લગ્ન એ સમાજનો ખુબ જ મોટો પ્રસંગ છે. અલગ અલગ સમાજના લગ્નના રીત રિવાજ અલગ અલગ હોય છે. આ સંશોધનમાં આપણે હિન્દુ બારિયા-કોળી સમાજના લગ્ન પરંપરાની વાત કરવાના છીએ. આ જાતિના લોકો પોતાની જાતિમાં જ લગ્ન કરે છે અન્ય બીજી કોઈ જાતિના લોકો સાથે લગ્ન સબંધ બાંધતા નથી. જ્યારે છોકરી-છોકરાના લગ્ન નક્કી થઈ જાય છે એના પછી સમાજના જે રીત રિવાજ શરૂ થાય છે તે ખૂબ જ રસપ્રદ હોય છે. આ રીત રિવાજ તેમના પૂર્વજો દ્વારા બનાવવામા આવ્યા જે આજે પણ યથાવત છે આમ, તેમણે પોતાની સંસ્કૃતિ અત્યાર સુધી જાળવી રાખી છે.

**ચાવીરૂપ શબ્દો** : પાકી ચા, શરતાશરતી, તેલિયા, સાંબેલું, લુડાળા, પોહ ભરવી, કુલેકું, રાડ, તોડે...

## પ્રસ્તાવના :

સૌ પ્રથમ જ્યારે છોકરા અને છોકરીના લગ્ન નક્કી થાય એટલે બંને પક્ષેથી પાંચ-પાંચ જણ બેસીને સગાઈ નક્કી કરે જેને **શરતાશરતી** કહેવાય છે ત્યારબાદ **પાકી ચા** એટલે કે બધા સગાસબંધીને બોલાવી સગાઈ કરવામાં આવે છે. **પાકી ચા**મા છોકરાવાળાના ત્યાંથી છોકરીને ત્યાં માત્ર વડીલ પુરુષો જ આવે છે વડીલો છોકરીને જોયા પછી **બંદગી**(જે ધર્મમાં માનતા હોય એ ધર્મના દેવી-દેવતાને પ્રાર્થના કરે છે.) કરી ઠડું પીવે અને ગોળ-ધાણા વહેચવામાં આવે છે. ત્યારબાદ લગ્નની તારીખ નક્કી કરવામાં આવે છે લગ્ન ત્રણ દિવસ ચાલે છે. જેમા અલગ અલગ વિધિ થાય છે.

## ગણપતિ સ્થાપના :

ગણપતિ એટલે ગણોના પતિ, ગણોના ધણી. ગણેશ ભૂતપ્રેતના સેનાનાયક છે. બુદ્ધિના દેવતા છે. ગણેશજી જ્ઞાની જનોમા ઉત્તમ જ્ઞાની છે 64 કળાઓમાં નિપુણ અને વિઘ્નહર્તા છે એટલે જ આપડે સૌથી પહેલા ગણેશજીની સ્થાપના કરીએ છીએ. આપડા બધા વિઘ્ન દૂર કરે અને ગણપતિ શુભ કામ પાર પાડવાની શક્તિ આપે એ માન્યતાથી ગણેશ સ્થાપના થાય છે. ગણેશ સ્થાપના સવારે કરવું હિતાવહ છે. પરંતુ બારિયા કોળી સમાજના લોકો ગણેશ સ્થાપનામા આવજો એવું નહિ પરંતુ તેલ ચઢાવા કે લાડવા ખાવા આવજો એવું કહે છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 1, Issue: 159, Nov, 2025
Paper ID: RRJ794892
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-159-november-2025/RRJ794892

## તેલ ચડાવવાની વિધિ :



પ્રથમ દિવસે સવારે વરરાજાના ત્યાંથી કન્યાના ઘરે તેલ આપવા માટે આવે છે. તેલ લઈને આવનાર વ્યક્તિને **તેલિયા** કહેવામાં આવે છે. આ તેલિયા જમી કન્યાના ઘરેથી તેલ અને ગોળ લઈ પાછા ફરે છે. વરપક્ષેથી આવેલું તેલ સાંજના સમયે કન્યા(લાડી)ને ચડાવવાનું હોય છે. સૌ પ્રથમ કન્યાને પીળા વસ્ત્ર પહેરાવવામાં આવે અને કન્યાને બહાર તેના ભાભી અથવા કાકી લઈને આવે છે પછી જમીન પર પાંચવાર ચાંદલો કરાવી ચોખાથી વધાવે છે. ત્યારબાદ કન્યાને પાટલા પર બેસાડવામાં આવે છે. વરપક્ષેથી આવેલુ તેલ કન્યાની ભાભી નાના-નાના બે છોકરા અને બે છોકરીઓને આપે છે આ છોકરા-છોકરીઓને **લુડાળા** કહેવાય છે આ લુડાળા પહેલા કન્યાના પગ પર અને પછી મો પર તેલ લગાવે છે તેલ લગાવ્યા પછી આજ રીતથી મકાઈનો લોટ લગાવે છે. ત્યારબાદ એક ધોતીમાં થોડી થોડી માત્રામાં પાંચવાર ડાંગર નાખે છે આ ડાંગરને લુડાળા બનેલ છોકરાઓ **સાંબેલા(મુશળ)** વડે પાંચ તબક્કાઓમાં ખાંડે છે સાંબેલા પર પાંચ આસોપાલવના પાન બાંધવામા આવે છે. લુડાળા ડાંગરને ખાંડે ત્યારે ફળિયાના વડીલ બોલી લગાવે છે આ બોલી હજારથી લાખ સુધીમાં લાગે છે. ત્યારપછી કન્યાને ગળામાં દોરો કે સાકળુ પહેરાવી હાથમાં નારિયલ અને ચપ્પુ પકડાવવામાં આવે છે. આ વિધ પૂરી થયા પછી કન્યાના ખોબામાં ગોળ, ચોકલેટ અને અનાજ આપવામાં આવે છે તેને **પોહ ભરવી** એવું કહેવામાં આવે છે. પોહમાં આપેલું ગોળ ચોકલેટ બધાને પ્રસાદ તરીકે આપવામાં આવે છે. પ્રસાદ વહેચનારને **વારણીયા** કહે છે.



## બીજા દિવસની વિધિ :

બીજા દિવસે કન્યા(લાડી)ને પાડોશી પોતાના ઘરે લઈ જાય છે અને ઘરના દરવાજાની વચ્ચે પાટલા પર કન્યાને ઊભી રાખી ચાંદલો કરી નજર ઉતારે છે. આખો દિવસ પાડોશીના ઘરે કન્યા(લાડી) રહે છે અને સાંજના સમયે ભેટ લઈ પરત પોતાના ઘરે આવે છે. આ વિધિને **કુલેકું** કહે છે.

રાતના સમયે મામા, ફોઈ, માસી, બહેનો એ બધા નોતર લઈને આવે અને ટીમલી રમે છે માંડવે બેસતા પહેલા **ગોતેડો** પૂજવામાં આવે છે. ગોતેડો બે રીતે પૂજવામાં આવે છે એક ઉભો ગોતેડો અને બીજો બેઠો ગોતેડો. ગામના કોઈ વડીલ વ્યક્તિ દ્વારા ઢેબરા બનાવવામાં આવે છે. પછી કન્યા દ્વારા જમીન પર 5 ચંદલા કરી ચોખા વડે ચારે દિશાઓ વધાવી આંબાના પાન પર કંકુનો ચાંદલો કરીને જમણો પગ મૂકીને આગળ વધી ગોળ ફરવામાં આવે છે.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 1, Issue: 159, Nov, 2025
Paper ID: RRJ794892
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-5-issue-159-november-2025/RRJ794892



ખાખરાના સાત કે પાંચ પાનમાં અલગ અલગ રીતે ઢેબરા, ભાત, ગોળ વગેરે મૂકવામાં આવે છે. માંડવો જે વ્યક્તિને સોંપવામાં આવ્યો હોય તે વ્યક્તિ માંડવો લઈને આવે છે અને તેની પૂજા કરી એ વ્યક્તિને ગોળ ખવડાવવામાં આવે છે. મોટાભાગે માંડવો શેરડી કે વાસનું હોય છે. તેમાં 13 કે 15 રાડ હોય છે. માંડવાના ચાર ખૂણા પર તોરણ બાંધવામાં આવે છે તેમજ પાંચ નાળિયેર પણ બાંધવામાં આવે છે ત્યારબાદ કન્યાને તૈયાર કરી માંડવે બેસાડવામાં આવે છે. માંડવે બેસતા પહેલા પણ કંકુથી પાંચ ચાંદલા કરી અને ચોખાથી વધાવવામાં આવે છે. માંડવે બેસાડીયા પછી ઘરના વ્યક્તિઓ સૌપ્રથમ ચાંદલો કરે છે. ત્યારપછી મામા માસા ફળિયાના સગા સંબંધીઓ ચાંદલો કન્યાના હાથમાં મૂકે છે. સગા સંબંધીઓને કપડા ઓઢાડે છે.

## ત્રીજા દિવસની વિધિ :



ત્રીજા દિવસે વહેલી સવારે ફોઇ ચોરી લેવા માટે જાય છે. ચોરી(માટીના ઢેફા) લાવ્યા બાદ ફોઈ ચોરી એટલ કે માટીના ઢેફા મૂકી ચોરી બનાવે છે. જ્યારે જાન આવે છે ત્યારે તે તોડે(વરરાજનું સ્વાગત કરવા દરવાજે જવું) જાય છે. શેરડીના બે રાડા હોય છે. તેના પર આંબાનુ તોરણ બાંધવામાં આવ્યું છે.

વરરાજા આવે છે ત્યારે તેમને તોડે લેવા માટે બધા સગા સંબંધીઓ આગળ આવે છે જેમાં કન્યાના માતા દ્વારા વરરાજાની પૂજા કરવામાં આવે છે.





કપાળ પર ચાંદલો કરી ચોખાથી વધાવવામાં આવે છે ફોઈ દ્વારા ફોઇ બેડિયુંને બહેન દ્વારા કલવો (કલવામાં મોરસ(ખાંડ) અને ચોકલેટ હોય છે) આપવામાં આવે છે. આ વિધિ પૂરી થયા પછી કન્યાના ભાઈ વરરાજાને ઊંચકીને ચોરી સુધી નાચતા નાચતા લાવે છે. ચોરીમાં વરરાજાને બેસવાની ખુરશીમાં કન્યાની નાની બહેન બેસી જાય છે. વરરાજા જ્યારે કંઈક ભેટ આપે તો જ તે તેમને બેસવા દે છે. દહેજની સાડી, કબજો, ચણીયો, પાયલ, સાકળુ અથવા સોનાનો દોરો, મંગળસૂત્ર, ચુંદડી, સફેદ ધોતી, વગેરે સૂપડામાં મૂકે છે. આ બધી શૃંગારની વસ્તુ કન્યાને પહેરાવે છે. ત્યારપછી મામા કન્યાનો હાથ પકડી બહાર ચોરીમાં લાવે છે. વરવધૂ એકબીજાને હાર પહેરાવે છે. વરવધુના હાથ પર બ્રાહ્મણ મિંઢલ બાંધે છે. ત્યારપછી વરવધૂના ભાઈને પગ ધોવા માટે બોલવામાં આવે છે. જેમા વરરાજાના ભાઈ તેમની ભાભીના પગ કંકુના ચાંદલા કરી પગ ધોવે અને કન્યા(લાડી)ના ભાઈ પોતાના બનેવીના પગ ધોવે છે. કન્યાના માતાપિતા પોતાની દીકરીનો હાથ વરરાજા(જમાઈ)ના હાથમાં આપે છે અને કન્યાને દાનમાં કોઇપણ વસ્તુ આપે છે. ફેરા ફરવા વખતે કન્યાનો ભાઈ સૂપડામાં ડાંગર લઈને ઊભો રહે છે. બ્રાહ્મણ ફેરા દરમિયાન આ ડાંગર અને આસોપાલવના અર્ધપાન

વરવધુને હાથમાં આપે છે અને ફેરો પૂરો થાય એટલે અગ્નિમાં હોમી દે છે. ફેરા પૂર્ણ થાય ત્યારપછી સગા સબંધીઓ પોતાની ઈચ્છા મુજબ કન્યાને ભેટ આપે છે. ચોરીની વિધિ પૂરી થયા બાદ તેમણે ઘરના મંદિરમાં લઈ જવામાં આવે છે અને ભગવાનની પૂજા કરાવવામાં આવે છે ત્યારબાદ વરવધુ એકબીજાને ગોળ ખવડાવે છે અને એકબીજાના હાથમાં બાંધેલું મીંઢળ છોડે છે. વરરાજા કન્યાની માંગમાં સિંદૂર પૂરી મંગળસૂત્ર પહેરાવે છે. આ બધી જ વિધિ પૂરી થયા બાદ વરવધુને જમાડવામાં આવે છે. વરરાજાની થાળીમા તેમના સાસુ લાડવો મૂકે છે પરંતુ વરરાજા જમતા નથી. જ્યારે વરરાજાના સાસુ તેમણે ભેટ આપે પછી જ જમે છે. ત્યારબાદ કન્યાને વરરાજા સાથે જ પાડોશીના ઘરે મોકલી દેવામાં આવે છે. સાંજે કન્યા પક્ષના બધા **અનડવરી**એ જાય છે કન્યાને લેવા માટે. કન્યાને પરત ઘરે લાવ્યા પછી કન્યા વિદાયની વિધિ કરવામાં આવે છે.

વરરાજાના ઘરના દરવાજે બે શેરડી કે વાંસના રાડા ઊભા રાખી તેના ઉપર આંબાના કે આસોપાલવના પાનનું તોરણ બાંધવામાં આવે છે કન્યાને ઘરના દરવાજાની વચ્ચે પાટલા પર ઊભા રાખી પૂજા કરવામાં આવે છે. કન્યાને તેમના સાસુમાં કંઈક આપે ત્યારે જ તે ઘરમાં પગ મુકે છે. ઘરમાં આવ્યા બાદ કન્યાના હાથમાં જે નાળિયેર હોય છે તેનો પ્રસાદ બનાવામાં આવે છે અને કન્યા પોતાને મળવા આવેલ દરેક વ્યક્તિને પ્રસાદ આપે છે પરંતુ મળવા આવેલા લોકો કંઈક ભેટ આપે ત્યારે જ તેમને પ્રસાદ મળે છે. આ વિધિ પૂરી થયા બાદ બધાને જમાડે છે. જમવા બેસે ત્યારે કન્યાની થાળીમાં જે લાડવો મૂકવામાં આવે તે બધાને થોડો થોડો વહેચવામાં આવે છે. આમ આ સાથે લગ્નની વિધિઓ પૂરી થાય છે.

## સંદર્ભસૂચિ :

રૂબરૂ મુલાકાત – લગ્ન પ્રસંગનું અવલોકન